# Visit of Minister of State for External Affairs Shri V. Muraleedharan to the Republic of Senegal for the 3rd Joint Commission Meeting

November 06, 2021

# રાજ્યકક્ષાના વિદેશમંત્રી શ્રી વી. મુરલીધરનની ત્રીજી જોઈન્ટ કમિશનની બેઠક માટે રિપબ્લિક ઓફ સિનેગલ મુલાકાત

નવેમ્બર 06, 2021

વિદેશ અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી (રાજ્યકક્ષાના મંત્રી) શ્રી વી. મુરલીધરન (વીએમ) એ 4-5 નવેમ્બર, 2021ના રોજ ડકારમાં યોજાયેલી ત્રીજી ભારત-સેનેગલ સંયુક્ત આયોગની બેઠક (જેસીએમ)ના સહ-અધ્યક્ષપદ સંભાળવા માટે રિપબ્લિક ઓફ઼ સેનેગલની સત્તાવાર મુલાકાત લીધી.

2. આ મુલાકાત દરમિયાન, રાજ્યકક્ષાના મંત્રીએ રિપબ્લિક ઓફ઼ સેનેગલના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી મેકી સેલ સાથે વાતચીત કરી હતી. પ્રમુખ મેકી સેલે ભારત-સેનેગલ સંબંધોની વિશેષ પ્રકૃતિ પર ભાર મૂક્યો અને સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે ભારત સાથે જોડાણ કરવાનું ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. રાજ્યકક્ષાના મંત્રીએ સેનેગલના રાષ્ટ્રપતિને જેસીએમમાં થયેલી વાતચીત વિશે ટૂંકમાં માહિતી આપી હતી. ખાસ કરીને આરોગ્ય, ઉર્જા, રેલવે, ખાણ, સંરક્ષણ, વિકાસ ભાગીદારી વગેરે. રાજ્યકક્ષાના મંત્રી (વીએમ)એ ઓક્ટોબર 2015માં રાષ્ટ્રપતિ મેકી સોલની મુલાકાતને યાદ કરી હતી જે ભારત-આફ્રિકા ફોરમ સમિટ માટે હતી, તથા મે 2017ની મુલાકાત યાદ કરી હતી જે ગાંધીનગર ખાતે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની 52મી વાર્ષિક બેઠકમાં હિસ્સેદારી માટે હતી.

3. રાજ્યકક્ષાના મંત્રી (વીએમ)એ વિદેશ બાબતો અને વિદેશમાં વસતા સેનેગલવાસીઓના મંત્રી એઈસાટા ટોલ સોલની સાથે જેસીએમનું સંયુક્ત અધ્યક્ષપદ સંભાળ્યું હતું. બંને પક્ષોએ પરસ્પર હિતના તમામ ક્ષેત્રોની ચર્ચા કરી હતી જેમાં વ્યાપાર અને વાણિજ્ય, રોકાણ, આરોગ્ય, ઉર્જા, કૃષિ, રેલવે, સંરક્ષણ અને સુરક્ષા, શિક્ષણ અને સંસ્કૃતિ, ડેવલપમેન્ટ ભાગીદારી, કોન્સ્યુલર તથા ભારતીય સમુદાને લગતી બાબતોનો સમાવેશ થાય છે અને તેઓ આ ક્ષેત્રમાં સહકાર વધારવા માટે સહમત થયા હતા.

4. આ મુલાકાત દરમિયાન બે એમઓયુ પર હસ્તાક્ષર થયા હતા જેમાં આરોગ્ય અને તબીબી ક્ષેત્રમાં સહકાર માટેના એમઓયુ, તથા સેનેગલના રાજદ્વારી અધિકારીઓની તાલીમ માટેના એમઓયુ સામેલ છે. સેનેગલના વિદેશમંત્રીની સાથે રાજ્યકક્ષાના મંત્રીએ એક સ્મૃતિરૂપે ટપાલ ટિકિટ બહાર પાડી હતી જે ભારત અને સેનેગલ વચ્ચેના રાજદ્વારી સંબંધોના 60 વર્ષની ઉજવણી માટે છે.

5. આ મુલાકાત દરમિયાન રાજ્યકક્ષાના મંત્રી ડકાર ખાતે રેનેસા મોન્યુમેન્ટની મુલાકાતે ગયા હતા અને મહાત્મા

ગાંધીના બાવલાને ફૂલો ચઢાવીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. તેમણે ડકાર ખાતે સેન્ટર ફોર આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ એન્ડ ટેક્નોલોજી (સીઈડીટી)ની પણ મુલાકાત લીધી હતી જેને ભારતીય ગ્રાન્ટની મદદથી બનાવવામાં આવ્યું છે. રાજ્યકક્ષાના મંત્રીએ ડકારમાં ભારતીય સમુદાય સાથે વાતચીત કરી હતી અને દિવાળીની ઉજવણી પ્રસંગે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

6. રાજ્યકક્ષાના મંત્રીની સેનેગલ મુલાકાતે દ્વિપક્ષીય, પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના સમગ્ર ક્ષેત્રમાં બંને દેશો વચ્ચેના 60 વર્ષ જૂના રાજદ્વારી સંબંધોને મજબુત બનાવવામાં મદદ કરી છે તથા ભવિષ્યની મંત્રણાઓ માટેનો માર્ગ નક્કી કર્યો છે.

**નવી દિલ્હી**
**નવેમ્બપ 05, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.